રજૂ તારીખ : ૨૭/૧૧/૨૦૧૮
દાખલ તારીખ: ૨૭/૧૧/૨૦૧૮
ફેસલ તારીખ : ૨૯/૧૨/૨૦૨૨
સમયમર્યાદા : વર્ષ માસ દિવસ
૦૪ ૦૧ ૦૨

**અમરેલી જીલ્લાના મહે.નામદાર શ્રી જે.જે.આહુજા જજ સાહેબ મજુર અદાલત સમક્ષ, અમરેલી.**

**રેફરન્સ(ટી)કેસનં.:–૧૨/૨૦૧૮**

**આંક:– ૪૪**

**અરજદાર/ બીજા પક્ષકાર :– અલીભાઈ હસનભાઈ ઝાંખરા,**
**ઉ.વ. ૩૨, રહે. મુ.રાયડી,તા.ખાંભા,**
**જિ. અમરેલી.**

**વિરૂધ્ધ**

**સામાવાળા /પ્રથમ પક્ષકાર :– ઈ–કોમ એક્ષપ્રેસ લી.,**
**પ્લોટ નં.૧૧,પતંજલી વેર હાઉસ સામે,**
**નવાગામ રોડ,રૂડા ટ્રાન્સપોર્ટનગર,**
**મું.રાજકોટ.**

**અરજદાર/બીજા પક્ષકાર તરફે : વિ.વ.શ્રીએ.જી.વાળા**
**સામાવાળા/પ્રથમ પક્ષકાર તરફે : વિ.વ.શ્રી વાય.એલ.પલ્લવાર તથા**
**વિ.વ.શ્રી એસ.જી.રાજયગુરુ**

**:: એવોર્ડ ::**

(૧) હાલના કામે પ્રથમ પક્ષકાર તરીકે ઈ–કોમ એક્ષપ્રેસ લી.મુ. રાજકોટ, અને બીજા પક્ષકાર તરીકે શ્રી અલીભાઈ હસનભાઈ ઝાંખરા છે. ઉપરોકત પ્રથમ પક્ષકાર તથા બીજા પક્ષકારને હાલના કામે ઔદ્યોગીક તકરારના નિવારણ માટે સદર હુકમમાં સરળતા ખાતર પ્રથમપક્ષકાર એટલે સંસ્થા ને '' **સામાવાળા**'' તથા બીજા પક્ષકાર કામદાર ને ''**અરજદાર**'' તરીકે સંબોધવામાં આવે છે.

(૨) હાલની ઔદ્યોગીક તકરાર ન્યાય નિર્ણય માટે અત્રેની શ્રમ અદાલતને મદદનીશ શ્રમઆયુકત, અમરેલી તરફથી પત્રના હુકમક્રમાંક :કેએચઆર/એજે/૧૨/૨૦૧૮, તા. ૦૩/૧૧/૨૦૧૮ ના રોજ મોકલવામાં આવેલ જેની અનુસૂચિ નીચે પ્રમાણે છે :

**:: અનુસૂચિ ::**

**'' શ્રી અલીભાઈ હસનભાઈ ઝાંખરાને તેમના પડેલા રોજના પગાર સાથે તેમની મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?''**

(૩) સદર રેફરન્સ અત્રેની કોર્ટમાં આવ્યા બાદ અરજદારે આંક– ૬ થી માંગણાનું નિવેદન રજુ કરી અરજદાર તેની હકીકતમાં જણાવેલ છે કે , તેઓ અરજદાર ઉપરાંત એક અન્ય સુપરવાઈઝર ઓપરેશન તેમજ ડીલીવરી બોય એ રીતનાં ત્રણ કર્મચારીની ઓન લાઈન શોપીગની કામગીરી કંપનીના કર્મચારી તરીકે તેઓ એકલા કરતા હતા અને ફરજ બજાવતા હતા

અને ઓફીસમાં ઓનલાઈન ઓર્ડર મુજબની આવેલ વસ્તુઓની જાળવણી , ફાળવણી તેમજ ડીલીવરી કરાવવા બાબતની ઓફીસ કામગીરી કરવાની થતી હતી જે આઠ કલાકની ફરજ સોપવામા આવેલ હતી.જે આઠ કલાકનો પગાર રકમ રૂ.૧૧,૮૯૧/– આપવામા આવતો પરંતુ કલ્ચર હેડ તથા ગ્રાઉન્ડ ઓપરેશન હેડ અમારી પાસે ઘણી વખત ડીલીવરીનુ પણ કામ સુચના આપી કરાવતા હતા.આ ડીલીવરી માટેનાં સ્થળો, રાજુલા, જાફરાબાદ તથા ખાંભા વિસ્તારના ગ્રાહકો સુધી અંતરીયાળ વિસ્તારમાં ૮૦ કી.મી.ના વિસ્તારમાં મોકલવામા આવતા. જેનું ટી.એ. અન્ય ભથ્થા વિના તેઓની પાસે ઓફીસ કામગીરી સીવાય ફરજ બજાવવા સુચના આપવામા આવતી તેમજ ઓફીસમાં ફરજના નિયમ રોજ આશરે બે થી ત્રણ કલાક વધુ કામ લેવામા આવતુ હતુ. પરંતુ તેઓ બેરોજગાર હોવાથી કુટુંબની જવાબદારી પુરી કરવા સતત સહન કર્યે રાખેલ અને સોપેલ ફરજ સિવાયની કામગીરી તેમજ આઠ કલાક ઉપરાંતની નોકરી લાચારીવશ કરવી પડેલ. પરંતુ તેઓને વધારાનુ કોઈ મહેનતાણુ કે પગાર આપવામા આવતો ન હતો. ઉપર મુજબ બજાવેલ ફરજોની વિશેષ મહેનતાણાની માંગણી કરતા વધારાની ફરજના મહેનતાણાની ચુકવણીમાંથી બચવા તેઓની ઉપર છેલ્લા ત્રણેક માસથી ખુબજ માનસીક ત્રાસ આપી છેવટે કોઈપણ જાતની તાકીદ કર્યા સીવાય કે ફરજ પ્રત્યેની બેદરકારી ન હોવાછતા કાયદેસરની ચુકવણી થતી ઓ.ટી. તેમજ ડીલીવરી બોયની વધારાની કામગીરીના નાણા ન ચુકવવા પડે તેવા એક માત્ર બિનકાયદેસરનું કૃત્ય આચરવામા આવેલ છે.

જેથી તેઓને ખુબ જ આઘાત અને દુ:ખ થયેલ છે. સાથોસાથ તેઓના કુટું બની જવાબદારી માટે પણ આફત આવી પડેલ છે.તેઓ તેઓની ફરજ ખંત અને નિષ્ઠાથી બજાવતા હોવાછતાં તેઓને કોઈપણ જાતના વાંક ગુન્હા વગર તા. ૨૫/૬/૧૮ ના રોજથી નોકરીમાંથી છુટા કરેલ છે.અને તેઓને છુટા કરતી વખતે કોઈ નોટીસ આપેલ નથી કે કોઈ નોટીસ પગાર પણ ચુકવેલ નથી. તેઓને સીનીયોરીટી લીસ્ટપણ બતાવેલ નથી કે તેઓ સામે કોઈ ખાતાકીય તપાસ કરેલ નથી. આ રીતે સામાવાળાએ તેઓને ગેરકાયદેસર રીતે છુટા કરેલ છે. અને તેઓ જે કામગીરી કરતા હતા તે કામગીરી હાલ પણ ચાલુ છે અને તેઓને કામ પર રાખ્યા ત્યારથી તેઓને છુટા કર્યા ત્યાર સુધી તેઓએ સળંગ અને નિયમિત રીતે કામગીરી કરેલ હોવાછતા સામાવાળાએ તેઓને છુટા કર્યા બાદ ફરી કામ પર બોલાવેલ નથી. અને તેઓની જગ્યા ઉપર નવા માણસને કામે રાખેલ છે. અને નવા માણસને કામે રાખતા સમય સામાવાળાએ તેઓને ફરી કામ પર બોલાવેલ નથી તેઓ આજે પણ તેઓની ફરજ નિભાવવા તૈયાર અને ખુશી છે તેમછતાં આપના તરફથી તેઓને ઓવરટાઈમની રકમ તેમજ વધારાની કામગીરી લેવા બદલ નાણાનુ વળતર ન ચુકવવુ પડે માટે તેઓને છુટા કરી દીધેલ છે.

વધુમા,અરજદારે ઉપરોકત રીતેતા.૨૫/૩/૧૭ થી તા.૨૫/૬/૧૮ સુધી સામાવાળાની કચેરીમાં સતત અને સળંગ નોકરી ઉપરોકત હોદા પ્રમાણીક પણે તથા અત્યંત ખંત પૂર્વક તથા નિષ્ઠાથી કરેલ છે તેમ છતા પણ સામાવાળાની કચેરી તરફથી કોઈપણ જાતના વ્યાજબી કારણ વગર

કે તેઓના કોઈપણ જાતના વાંક ગુન્હા વગર કે કોઈપણ જાતની ખાતાકીય તપાસ કર્યા વગર તેઓને તા. ૨૫/૬/૧૮ ના રોજ મૌખીક રીતે ગેરકાયદેસર રીતે મનસ્વી રીતે છુટા કરી દેવામા આવેલ છે.ઉપરોકત રીતે તેઓ અરજદારને છુટા કરવાનુ કૃત્ય ગેરકાયદેસર સ્વરૂપનુ તથા મનસ્વી પ્રકારનુ ગણી શકાય.તેઓ અરજદાર જે જગ્યા ઉપર કામ કરતા હતા તે કંપની હાલમાં પણ ચાલુ છે. અને તેઓ અરજદાર ઉપરોકત રીતે જે પ્રકારની કામગીરી સામાવાળાની કચેરીમાં કરતા હતા જે જગ્યા હાલમાં પણ ચાલુ જ છે અને તે જગ્યા ઉપર સામાવાળાએ તેમના લાગતા વળગતા નવા માણસ પાસે તે જ પ્રકારની કામગીરી કરાવી રહયા છે અને તે નવા માણસને તેઓના ઉપરોકત હોદા ઉપરની કામગીરી કરાવવા માટે નિમણુક કરતા પહેલા તેઓને ફરીથી આ કામે બોલાવેલ નથી અને તે રીતે તમોએ ઈન્ડસ્ટ્રીયલ ડીસ્પ્યુટ એકટની જોગવાઈઓનો સરીયામ એટલે કે ખુલ્લેઆમ ભંગ કરેલ છે.અને તે અંગેનીતેઓ અરજદારે સામાવાળા ફરી ઉપરોકત હોદા ઉપર સળંગ નોકરી ગણવા માટે મૌખીક રીતે વિનંતી કરતા તથા કરાવવા છતાં તેમજ તા.૨૧/૦૮/૧૮ ના રોજ ડીમાન્ડ નોટીસ પણ આપેલ સામાવાળા તરફથી તેઓની તે બાબત અંગે અવગણના કરવામા આવતા નાઈલાજે તેઓ અરજદારે મદદનીશ શ્રમ આયુકતના સાહેબ સમક્ષ તા.૨૪/૦૯/૨૦૧૮ ના રોજ અરજ કરવાની ફરજ પડેલ છે. તેઓ અરજદારે મજુર કમિશનર સાહેબ પાસે અરજી કરતા તેઓ સાહેબે તે અરજી મંજુર કરતા તેમજ તેઓ સાહેબ સમક્ષ તેઓ જાતે તથા એડવોકેટ મારફત ઉપસ્થિત થઈ

સંતોષકારક રીતે તેઓની માંગણીઓ રજુ કરતા તેઓ સાહેબના રેફરન્સના આધારે આ સાહેબ સમક્ષ હાલનો કેસ આવેલ છે. તેઓ અરજદારને આપવામા આવેલ ઓફીસ ઓર્ડરો તથા સામાવાળાને આપવામા આવેલ નોટીસ વગેરે અલગ દસ્તાવેજી પુરવાઓ અલગ દસ્તાવેજી પુરાવા લીસ્ટથી રજુ રાખેલ છે. આ કામના સામાવાળાએ તેઓ અરજદારને કોઈ કારણ વગર છુટા કરી દીધેલા છે તેમજ તેઓની જગ્યાએ અન્ય કર્મચારીને સફાઈ કામદાર તરીકે પોતાના મળતીયાને ગોઠવવા માટે તેઓને કામગીરી સંતોષકારક હોવાછતા છુટા કરી દઈ અને માત્ર પોતાના માણસો ગોઠવવા જે તે વખતના સતાધીશોએ અમાનવીય ગેરકાયદેસર અન્યાયી અને એકતરફી પગલુ ભરી તેઓને તથા તેઓના કુટુંબને ભુખમરી સ્થિતિમાં લાવી દઈ હેરાન પરેશાન કરેલ છે. તેવા સંજોગોમાં હાલનો આ કેસ દાખલ કરવાની ફરજ પડી છે. સબબ માગણીકરવાની કે, તેઓની મુળનોકરીના સ્થાને તેઓને ચાલુ રાખી તેમજ ચાલુ ગણી પુન:સ્થાપીત કરી, તેમજ તેઓને ઓવરટાઈમની રકમ તેમજ વધારાની કામગીરી લેવા બદલ નાણાનું વળતર ચુકવી આપે અને તેઓની નોકરીના સ્થળેથી અને સ્થાનેથી આ કામના સામાવાળા કે તેમના વતી કોઈ નોકર–ચાકર એજન્ટ તેઓને હટાવે નહી તેમજ તે સુપરવાઈઝરની જગ્યાએ મળતા જોઈતા તમામ પગાર, ભથ્થાઓ વિગેરે સરકારશ્રીના નિયમો અનુસાર તેઓને મળે અને તેમા કોઈ હરકત સામાવાળાઓ કે તેમના વતી કોઈ કરે નહી તેમજ પ્રથમથી લઈને

આ કેસનો ચુકાદો આવે ત્યાં સુધીના તમામ હકકો તથા તેમજ પગાર ભથ્થાઓ તેઓને ચુકવી આપે અને તેઓને હાજર ગણી ચાલુ કર્મચારીની જેમ તેઓને પગાર ભથ્થાઓ ચુકવવાનુ ચાલુ કરે તેવો હુકમ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આંક-૧૩ થી સામાવાળાએ અરજદારના માંગણાના નિવેદન સામે વાંધા જવાબ આપી બચાવનામુ રજુ કરેલ છે અને તેમાં સામાવાળા જણાવે છે કે, અરજદારની અરજીમાં જણાવેલ હકીકત સત્ય અને ખરી નથી જેથી રદ થવા પાત્ર છે. આ કામના અરજદારે જે જે પેરાવાઈઝ હકીકત દર્શાવેલ છે તે તમામ હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલ છે. જે તેઓને કબુલ મંજુર નથી તેઓ સામાવાળા તરફથી આ કામના અરજદારને રુબરુ બોલાવી તેમજ ફોન ઉપર વાત કરીને તેમજ ચેતવણી આપતો પત્ર આપીને આ કામ પ્રત્યેની બેદરકારીની જાણ કરેલ હતી છતા પણ તેઓ કામ પ્રત્યેથી ઈમાનદારી અને જવાબદારી નિભાવતા ન હતા. અરજદારની માંગણાની હકીકતો ખરી નથી. અરજદારે તેઓની સંસ્થા પાસેથી આર્થીક ખોટો લાભ લેવા હાલનો કેસ કરેલ છે જેથી અરજદારની અરજી રદ થવા પાત્ર છે. અરજદારને જયારે તેઓએ કામે રાખેલા ત્યારે તેઓએ તેઓને એવી બાંહેધરી આપેલ છે કે, તેઓને કોઈપણ નોટીસઆપ્યા વગર પણ છુટા કરી શકાશે. આ કામના તેઓ સામાવાળા પ્ર ાથમીક મુદો ઉપસ્થિત કરી જણાવવાની રજા લઈએ કે તેઓ સામાવાળાની

મુખ્ય ઓફીસ રાજકોટ મુકામે હોઈ જેથી હાલનો કેસની હકુમત રાજકોટની હોય જેથી પણ હાલનો કેસ રદ થવા પાત્ર છે.

વધુમાં અરજદારની અરજી પેરા–૧,૨,૩,૪,૫ ની હકીકતો ખરી ન હોય તે તેઓ કબુલ રાખતા નથી.અરજદાર તા.૨૫/૩/૧૭ થી સુપરવાઈઝર તરીકે ફરજ બજાવતા હોવાની હકીકત ખરી નથી તેઓને તા.૨૫/૬/૧૮ ના રોજ છુટા કર્યાની હકીકતો પણ ખરી નથી. ઉપરોકત તમામ હકીકતો ઉપજાવી કાઢેલ હોય તેઓને કબુલ મંજુર નથી. આ તમામ હકીકતો અરજદારે પ્રથમ પુરવાર કરવી જોઈએ જયારે ખરી હકીકતે અરજદારને તદ્રન હંગામી ધોરણે ફીકસ સમય પુરતા રાખેલા, તે અંગેની અગાઉથી સમજ આપેલ કે કામ ન હોઈ ત્યારે નોટીસ આપ્યા વગર છુટા કરી દઈશુ. અને તે અં ગે અરજદારે સંમતિ અને વિશ્વાસ આપેલ અને તે સંમતિના આધારે અરજદારને કામચલાઉ હંગામી ટુંકાગાળા પુરતા કામે રાખેલ. પરંતુ અરજદાર કંપનીના નિયમો મુજબ કામગીરી બજાવતા ન હોય તેમજ ગ્રાહકોના ઘર સુધી જતા નહી અને તેઓને ગ્રાહકોની ફરીયાદો આવતી હતી અરજદારે ડીલીવરીની કામગીરી કયારેય કરેલ જ નથી. જેથી અરજદારની કામગીરીની બેદરકારીના લીધે તેઓએ તેઓના કામના રુલ્સ મુજબ કામગીરી બજાવવા કહેતા તેઓ પોતાની રીતે કામે આવતા બંધ થયેલા છે. અરજદારે તેના માગણા નિવેદનમાં સાચી હકીકતો છુપાવેલ છે જયારે આ અરજદારને તદ્રન હંગામી ટુકાગાળા પુરતા જ કામે રાખેલ હોય ત્યારે હાલના પ્ર કારની અરજદારની અરજી ચાલી શકે નહી. અરજદારને પોતાની

મેળે કામે આવતા બંધ થયેલા છે અને તેઓની જાણ મુજબ અરજદાર વધુ પગારથી અન્ય જગ્યાએ કામકાજ કરે છે. અરજદાર વધુ પગાર મેળવીને પોતાનુ ગુજરાન સારી રીતે ચલાવે છે જેથી તેઓ અમારે ત્યાં કામે આવતા બંધ થયેલા છે. અરજદારની અરજી માંગણી પેરા–૯ મુજબની માંગણી કરવા અરજદાર હકકદાર જ થતા નથી. તેમજ અરજદારના માગણા નિવેદનની હકીકતો તથા માહેની દાદની હકીકતો વિરોધાભાસી હોય તમામ હકીકતો તથા રજુ કરેલ પુરાવાની હકીકતો લક્ષમા લઈ અરજદારની અરજી ખર્ચ સહ રદ કરવા અરજ કરેલછે.

(૫) આ કામે અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે:

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારના પુરાવાનું સોગંદનામુ તથા જુબાની | ૧૬ |
| | કલોઝીગ પુરસીસ | ૩૨ |

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | ડીમાન્ડ નોટીસ તા. ૨૧/૮/૧૮ની અસલ | આંક–૩૩ |
| ૨ | રજી.એ.ડી. કર્યાની પાવતી તા.૨૧/૮/૧૮ની ઝેરોક્ષ નકલ | આંક–૩૪ |
| ૩ | રજી. એ.ડી. મળયાની પહોચતા.૨૧/૮/૧૮ની અસલ | આંક–૩૫ |

| | | |
|---|---|---|
| ૪ | અરજદારે કામ કરેલ હોય તે કામ અંગેની ઓનલાઈન રીપોર્ટ(એપ્રીલ–૧૭ થી ફેબ્રુ–૧૮)કોમ્પ્યુટર પ્રીન્ટ | આંક–૩૬ |
| ૫ | અરજદારે કામ કરેલ અને તે કામ સબબ પગાર ચુકવેલ હોય તેની ઓનલાઈન પગાર સ્લીપ(એપ્રીલ–૧૭ થી ફેબ્રુ–૧૮) કોમ્પ્યુટર પ્રીન્ટ | આંક–૩૭ |
| ૬ | સર્વીસ ટર્મીનેશન લેટરતા.૨૫/૬/૧૮ની અસલ | આંક–૩૮ |
| ૭ | સામાવાળાની કંપનીનો પત્ર તા.૧૭/૫/૧૮અસલ | આંક–૩૯ |
| ૮ | મદદનીશ શ્રમ આયુકતો પત્રતા.૬/૧૦/૧૮અસલ | આંક–૪૦ |
| ૯ | અરજદાર સાથે અન્ય સુપરવાઈઝર વિંજુડા લાલાભાઈનો ટર્મીનેશન તા.૨૫/૬/૧૮નો પત્રના ઝેરોક્ષ નકલ | નિ.૩૦/૯ |
| ૧૦ | લાલાભાઈ વિજુંડાને કંપનીએ આપેલ લેટર (એપોઈન્ટમેન્ટ લેટર) તા.૨૩/૮/૧૭ની ઝેરોક્ષ નકલ. | નિ.૩૦/૧૦ |
| | કલોઝીગ પુરસીસ | – |

(૬) આ કામે સામાવાળા તરફે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે:

## –: મૌખિક પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સામાવાળા શ્રી સરકાર તર્ફે સરતપાસનુંસોગંદનામુ તથા જુબાની | ૨૩ |
| ૨ | કલોઝીગ પુરસીસ | ૪૧ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક/માર્ક |
|---|---|---|
| ૧ | સામાવાળાએ અરજદારને કામ વ્યવસ્થીત રીતે કરતા ન હોય તે માટે આપેલ નોટીસ તા. ૧૭/૫/૧૮ ની ઝેરોક્ષ નકલ. | નિ.૧૮/૧ |
| ૨ | અરજદારને નોટીસ મળી ગયાની ઓનલાઈન પાવતી તા. ૯/૬/૧૮ ની ઝેરોક્ષ નકલ. | નિ.૧૮/૨ |

**(૭)** આ કામે અરજદારના વિ.વકીલશ્રીએ આક–૪૩ લેખીત દલીલો રજુ કરેલ છે તથા એમ.પી.રામાનંદી વિરૂધ્ધ ગુજરાત સ્ટેટ વેરહાઉસનો ચુકાદો રજુ કરી હાલનો રેફરન્સ મંજુર કરવા અરજ ગુજારેલ છે. જયારે સામાવાળા તરફથી વિ.વકીલશ્રીએ દલીલ કરેલ છે કે, અરજદાર ૨૦૧૭ મા નોકરીમા રાખેલ હતા પરંતુ તા.૨૫/૬/૧૮ થી જાતે નોકરીમા આવવાના બંધ થઈ ગયેલ. તેમજ સામાવાળાએ અરજદારને હાજર રહેવા નોટીસ આપેલ છે તેમજ તા.૧૭/૫/૧૮ ના રોજ ખરાબ કામગીરી અન્વયે વોર્નીગ લેટર પણ આપેલ છે આમ અરજદારે યોગ્ય કાર્યવાહી કરેલ ન હોય જેથી નોટીસ આપી છુટો

કરેલ છે તેમજ હાલે  અરજદાર બીજે કામે લાગી ગયેલ છે તેમજ અન્ય સંસ્થામા વધુ નાણા મેળવતા હોય, જેથી હાલના પુન:સ્થાપન માટે હકકદાર ઠરતા નથી જેથી અરજી ખર્ચ સહિત રદ કરવા અરજ ગુજારેલ છે.

(૮) હાલના કામે બંને પક્ષકારોના લેખીત નિવેદન  તથા દસ્તાવેજી પુરાવા આધારે  નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત  કરેલ છે.

**–: મુદાઓ :–**

1). Whether the applicant(second party) proves that he had done continuous service as per the provisions of ID. Act ?

2). Whether the applicant proves that he is illegally terminated by the opponent (first party) ?

3). Whether the applicant proves that opponent have sufficient work and juniors to him working ?

4) Whether the opponent proves that he has work to Rajkot and no jurisdication try to mater this court ?

5) Whether the opponent proves that applicant her self has left the work ?

6). Whether the applicant is entitle for the relief of reinstatement on his original post workman or any equalent post with back–wages,continuity of service and ancillary benefits or any other relief ?

7). What Order?

**(૯) ઉપરોકત મુદાઓ અંગેના મારા જવાબો નીચે પ્રમાણે છે:**

(૧) મુદા નં. ૧ '' હકારમાં ''

(૨) મુદા નં. ૨ '' હકારમાં ''

(૩) મુદા નં. ૩ '' હકારમાં ''

(૪) મુદા નં. ૪ '' નકારમાં ''

(૫) મુદા નં. ૫ '' નકારમાં ''

(૬) મુદા નં. ૬ '' હકારમાં ''

(૭) મુદા નં. ૭ આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોકત મુદ્દાઓના મારા જવાબોના કારણો નીચે મુજબ છે.

**:: મુદાઓના જવાબોના કારણો ::**

**-: મુદા નં.૧ અને ૨ :-**

**(૧૦.૧)** મુદા નંબર ૧ તથા ૨ એકબીજા સાથે ઈન્ટર કનેકટર હોય જેથી મુદા નંબર ૧ તથા ૨ ના કારણો સયુકતપણે નીચે મુજબ આપવામા આવે છે.

પક્ષકારોનુ પ્લીડીંગ બચાવપક્ષનો બચાવ, પડેલ પુરાવાઓ અને દલીલોને ધ્યાને લેવામા આવે તો એ બાબત નિર્વિવાદ છે કે હાલના અરજદારેતા.૨૫/૩/૧૭ થી તા.૨૫/૬/૧૮ સુધી ડીલીવર બોય તરીકે કામગીરી કરતા હતા અને સામાવાળા તે કામગીરી બદલ અરજદારને મહેનતાણુ માસીક ચુકવતા હતા.

આમ, ઉપરોકત સમયગાળો જોવામા આવે તો અરજદાર સામાવાળી સંસ્થામાં સતત અને સળંગ ૨૪૦ દિવસ નોકરી કરેલ છે. ત્યારબાદ સામાવાળી સંસ્થાએ અરજદારને યોગ્ય કામગીરી કરતા નથી તે બાબતે તા.૧૭/૫/૨૦૧૮ ના રોજ વોર્નીગ લેટર આપવામા આવેલો તે વોર્નીગ લેટર બાબતે અરજદારની કોઈ તકરાર નથી. હવે હાલના કામે અરજદારને આક–૩૮ વાળા ટર્મીનેશન ઓફ સર્વીસ ના લેટરથી છુટા કરવામા આવેલ છે. હવે આંક–૩૮ વાળો આધાર વંચાણે લેવામા આવે તો, અરજદારને યોગ્ય કાર્યવાહી ન કરેલ હોવા બાબતે એટલે કે મીસકન્ડેકટ થયેલ હોય તેથી છુટો કરવામા આવેલ છે.

આમ, મીસકન્ડેકટથી અરજદારને છુટો કરવામા આવેલ છે તેવો સામાવાળા તરફે મુખ્ય બચાવ છે. પરંતુ જયારે કોઈ કામદાર મીસકન્ડકટ કરે તો કાયદાકીય પધ્ધતિથી તેની સામે કાર્યવાહી કરી અને પરિણામ આપી શકાય એટલે કે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી દવારા શિક્ષાત્મક પગલા લઈ ટર્મીનેટ કરી શકાય પરંતુ કાયદાની પધ્ધતિથી જ ટર્મીનેટ કરી શકાય ફકત ટર્મીનેશન લેટરથી છુટો કરી શકાય નહી કારણકે જયારે અરજદારને સાંભળયા વગર ટર્મીનેટ કરવામા આવે ત્યારે કુદરતી ન્યાયના સિધ્ધાંત વિરૂધ્ધનુ પગલુ ભરેલ ગણાય. આમ, મીસકન્ડેકટ બાબતે ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી થવી અનિવાર્ય હોય અને આવી કોઈ કાર્યવાહી વગર છુટો કરવામા આવે તો તે યોગ્ય અનેન્યાયી

જણાઈ આવતુ નથી. વધુમા સામાવાળા સંસ્થાએ કાયદાની કલમ–૨૫(એફ) મુજબનુ પાલન એટલે કે અરજદારને કોઈ નોટીસ કે નોટીસ પે આપવામા આવેલ નથી.આમ, જયારે કોઈ કામદાર સળંગ અને સતત ૨૪૦ દિવસ નોકરી કરેલ હોય ત્યારે તેને કાયદાની કલમ–૨૫(એફ) મુજબનુ પાલન કરવુ અનિવાર્ય હોય છે. જેથી મુદા નં.૧ અને ૨ સંયુકતપણે હકારમા ઠરાવવામા આવે છે.

**–: મુદા નં.૩ અને ૫ :–**

**(૧૦.૨) મુદા નંબર ૩ તથા ૫ એકબીજા સાથે ઈન્ટર કનેકટર હોય જેથી મુદા નંબર ૩ તથા ૫ના કારણો સયુકતપણે નીચે મુજબ આપવામા આવે છે.**

સામાન્ય રીતે સામાવાળી સંસ્થા કુરીયરનુ કામ કરતા હોય એટલે સ્વાભાવીક પણે કુરીયરબોયની નિરંતર જરૂરીયાત ઉપસ્થિત થાય આમ હાલે પણ સામાવાળી સંસ્થા પાસે કામગીરી કુરીયર બોય મારફતે જ કરાવતા હશે તેવુ અનુમાન કરવાનુ રહે છે, કારણ કે કોઈ કુરીયર કંપની કુરીયર બોય વગર કામગીરી કરી શકે નહી. અને હાલે કંપની અસ્તિત્વમા છે એટલે કે વર્કીંગ કન્ડીશનમા હોય ત્યારે કુરીયરબોયથી જ કામગીરી કરાવતા હોય અને કુરીવર બોય વગર સામેવાળી સંસ્થા ટકી શકે નહી અને સંસ્થા પાસે પુરતુ કામ હોવાનુ સ્વાભાવીક પણે માની લેવા મા આવે છે, તેમજ હાલ ના અરજદાર બાદ દાખલ થયેલા કુરીયર બોય પણ હાલે કામકાજ કરતા હશે તેવુ અનુમાન કરવાનુ જ રહે છે. જેથી **મુદા નં.–૩ ને હકારમા** ઠરાવુ

છુ. વધુમા, મુદા નં ૫ બાબતે ચર્ચા કરવામા આવેતો, અરજદાર નોકરી છોડીને ચાલ્યોગયો હોય તેવા કોઈ પુરાવા બચાવપક્ષ દવારા રજુ કરવામા આવેલા નથી ઉલટાનુ આક–૩૮ થી ખુદ સામાવાળાએ અરજદારની ટર્મીનેશન ઓફ સર્વીસનો લેટર આપી કામગીરીનો અંત આણેલ છે. વધુમાં હાલના કામે અરજદાર જાતે કામગીરી છોડેલ હોય તો શા કારણે ડીમાન્ડ નોટીસ સામાવાળી સંસ્થાને આપેલ હાલના કામે અરજદાર તરફે નોકરીમા પુન: લેવામાટે અરજદારશ્રીએ સામાવાળી સંસ્થાઓને તા.૨૧/૮/૨૦૧૮ ના રોજ પુન:સ્થાપન કરવા ડીમાન્ડ નોટીસ આપેલ જેથી અરજદાર જાતે નોકરી છોડી ચાલ્યા ગયા હોવાનુ અનુમાન કરી શકાય નહી . જેથી મુદા **નં.૫ ને નકારમા** ઠરાવુ છું.

**–:મુદા નં.૪:–**

**(૧૦.૩)** હાલના કામે સામાવાળી સંસ્થાએ અમરેલી લેબરકોર્ટને હાલનો રેફરન્સ કેસ ચલાવવાનો કોઈ સતા નથી પરંતુ રાજકોટ લેબરકોર્ટને સતા છે તે બાબતે કોઈ પ્રાથમીક પુરાવાઓ રજુ રાખેલ નથી તેમજ અરજદાર અમરેલી મુકામે નહી પરંતુ રાજકોટ મુકામે કામગીરી કરતા હતા તેવો કોઈ સબળ પુરાવો સામાવાળા પક્ષે રજુ રાખેલ નથી. વધુમાં અરજદાર તરફેં તા.૨૧/૮/૨૦૧૮ ના રોજ નોકરીમા પુન:સ્થાપન કરવા માટેની ડીમાન્ડ નોટીસ આપેલ તે નોટીસ પણ કલસ્ટર હેડ શ્રીબ્રહમપ્રકાશ મોરે ને અમરેલી મુકામે આપેલ. આમ, સામાવાળાની સંસ્થા અમરેલી મુકામે કુરીયરનુ કાર્ય કરતી નથી તેવો કોઈ સબળ પુરાવો રજુ રાખેલ ન હોય ત્યારે અરજદાર

અમરેલી મુકામે કામગીરી કરતાન હોવાનુ પુરવાર કરી શકેલ નથી જેથી **મુદા નં.૪ ને નકારમ**ા ઠરાવવામા આવે છે.

**-:મુદા નં.-૬:-**

**(૧૦.૪)** મુદા નં.૧ અને ર મા ઉપરોકત ચર્ચા કરી તે મુજબ જયારે કોઈ કામદાર ર૪૦ દિવસ સતત અને સળંગ નોકરી કરે અને કાયદાકીય પધ્ધતિ વિરૂધ્ધ તેને ટર્મીનેશન કરવામા આવે તો તે કામદાર ઓરીજનલ પોષ્ટ પર રીએસ્ટેટ કરવા માટે હકકદાર ઠરે છે. આમ, સામાવાળી સંસ્થામા અરજદાર કુરીયર બોય તરીકે ફરજ અદા કરતાહોય, ત્યારે તેની જગ્યાએ એટલે કે તે જ પોષ્ટ પર પુન:સ્થાપન કરવુ સહેલુ અને ઉચીત જણાય છે. આમ, જયારે રીએસ્ટેટ કરતા હોય ત્યારે કન્ટીન્યુટી ઓફ સર્વીસ માનવી જ રહે છે. કારણે કે જો કન્ટીન્યુટી ઓફ સર્વીસ માનવામા ન આવે તો રીએસ્ટેમેન્ટનો હેતુ સિધ્ધ થતો નથી, જેથી અરજદારને જે તે જગ્યાએ ફરીથી રીએસ્ટેટ કરી કન્ટીન્યુંટી ઓફ સર્વીસનો હુકમ કરવામા આવે છે.

વધુમા, બેકવેજીસ તથા એન્સલરી બેનીફીટ બાબતે જોવામા આવે તો, અરજદારની ઉમર રેફરન્સ દાખલ કરતા સમયે ૩ર વર્ષની હોય તેમજ ૧૫ માસ સુધીની કામગીરી કરેલ હોય ત્યારે સ્વભાવિકપણે હાલની નોકરીમા છુટો થયા બાદ કોઈ કામગીરી કરતા નથી તેવુ માની શકાય નહી તેમજ અરજદાર ની ઉલટતપાસ સામાવાળા તરફે વિવશ્રી એ લીધેલ છે તેમા અરજદારે કબુલ મંજુર રાખેલ છેકે '' **હાલમા હુ છુટક મજુરી કરુ છુ.** ''

આમ, જયારે અરજદાર ધ્વારા ખુદ કબુલ મંજુર રાખેલ હોય ત્યારે કુલ બેઈકવેજીસ મળવા પાત્ર થતા નથી, ત્યારે **ઉચક બેકવેજીસ** એટલે કે લમસમ કમ્પેનશેશન આપવુ ન્યાયોચિત જણાય છે.

**વધુમા, મ્યુનીશીપલ કાઉન્સીલ સમારાલા વિ. સુખવીન્દર કોર ૨૦૦૬(૩)૫૮૧ (સુ .કો)** ના ચુકાદા મા સર્વોચ્ચ અદાલતે લમસમ વળતર આપવા સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ હોય ત્યારે ઉપરોકત ચુકાદા મુજબ લમસમ બેકવેઈસ આપવુ ન્યાયોચીત જણાય છે. આમ, હાલના અરજારને સામાવાળી સંસ્થામા જે કામગીરી કરતા હતા તે જગ્યા પર કન્ટીન્યુટી ઓફ સર્વીસ ગણી તેજ જગ્યા પર પુન:સ્થાપન કરવાનો હુકમ કરવામા આવે છે. અને ઉપરોકત ચર્ચા કરી તે મુજબ એન્સલરી બેનીફીટ પણ  અરજદારને અપાવી શકાય નહી. જેથી મુદા **નં-૬ ને અશંત: હકાર**મા ઠરાવી નીચે મુજબ આખરી હુકમ કરવામા આવે છે.

**-:આખરી હુકમ:-**

**(૧)** આ કામના અરજદાર યાને બીજા પક્ષકારનો હાલનો રજુ રાખેલ રેફરેન્સ આથી અંશત:મંજુર કરવાનો હુકમ કરવામા આવે છે.

**(૨)** આ કામ ના અરજદાર યાને બીજા પક્ષકાર અલીભાઈ હસનભાઈ ઝાંખરા  ના ઓ ને સામાવાળી સંસ્થામા જે કામગીરી કરતા હતા તે જગ્યા પર અથવા ઈકવીલેન્ટ પોસ્ટ પર કન્ટીન્યુટી ઓફ

સર્વીસ ગણી તેજ જગ્યા પર પુન:સ્થાપીત કરવાનો હુકમ કરવામા આવે છે.

(૩) ઉપરોકત કારણો મા ચર્ચા કરી તે મુજબ કુલ વેજીસ ની જગ્યા એ અરજદાર ને **રૂ.૧,૨૫,૦૦૦/–(અંકે રૂપીયા એક લાખ પચ્ચીસ હજાર )** ઉચ્ચક વળતર મેળવવા હકકદાર થાય છે જેથી સામાવાળી સંસ્થા એ હુકમ પબ્લીસ થયેના દિન ૩૦ મા વળતર ની રકમ **રૂ.૧,૨૫,૦૦૦/–** અરજદાર ને ચુકવી આપવાનો હુકમ કરવામા આવે છે.

(૪) હાલ ના અરજદાર છુટક મજુરી નુ કામગીરી કરતા હોય ત્યારે અન્ય કોઈ એન્સીલરી રાઈટ મેળવવા હકદાર થતા ન હોય જેથી અન્ય લાભ અપાવી શકાય નહી,તેમજ વળતર તરીકે હુકમ કરેલ હોય ત્યારે એન્સીલરી બેનેફીટ ની દાદ નાંમજુર કરવાનો હુકમ કરવામા આવે છે. અને અરજી ના ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

(૫) હાલનો એવાર્ડ મદદનીશ શ્રમ આયુકતશ્રી, અમરેલી ના ઓ ને પ્રસિધ્ધી માટે મોકલી આપવાનો હુકમ કરવામા આવે છે.

સ્થળ : અમરેલી
તા.૨૯/૧૨/૨૨

જીતેન્દ્ર જયરામભાઈ આહુજા
પ્રમુખ અધિકારી
મજુર અદાલત, અમરેલી
GJ01436